સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

ભલભલાને નિવેદનો અપાવી એ ભરાવે છે!
ગોર, મરો વર-વહુ, ખૂદનો સ્વાર્થ સરાવે છે!
કરાવે ખેલ, નચાવે ચૌટે, ચપટી ચણાના લોભે -
મોટા મદારી, મહંદોને પણ, ગૂલાંટ મરાવે છે

હાઈકુ

રાજનીતિજ્ઞો,
ચડાવી દે માંચડે -
જાડા ને જોઈ!

કરાવે બંધ!
(તો) ક્યાંક બાંધો મંદિર-
ખેલ-ખેલાડી...

ચિંતન

ઈદં કૃતં ઈદં નેતિ દ્વન્દ્વૈઃ મુક્તં યદા મનઃ ।
ધર્મ અર્થ કામ મોક્ષેષુ નિરપેક્ષ તદા ભવેત્ ॥

ઉપરોક્ત શ્લોક અષ્ટાવક્ર ગીતામાંથી લેવામાં આવેલ છે.

આ કર્યું ને આ ન કર્યું, એવા દ્વન્દ્વથી જ્યારે મન મુક્ત્ થઈ જાય છે. ત્યારે જ તે ધર્મ અર્થ કામ અને મોક્ષ તરફ પણ નિરપેક્ષ થઈ જાય છે. અર્થાત તેને તેની પણ કંઈ અપેક્ષા રહેતી નથી. કર્તાભાવથી મુક્ત થવાની વાત અહીં કહેવામાં આવી છે. કંઈ પણ કરવામાં જેમ કર્તાભાવ છે, તેમ ન કરવામાં પણ ન કર્યાનો નેગેટીવ સ્વરુપનો કર્તાભાવ છે, એટલે આ કર્યું ને આ ન કર્યું, એવા બંને પ્રકારના કર્તાભાવથી મુક્ત થવા માટે, મન એ કરવા ન કરવા। દ્વંદ્વથી મુક્ત થવું જોઈએ. ને તો પછી એને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, એ ચારેય પુરુષાર્થો પ્રત્યે પણ કોઈ અપેક્ષા રહે નહીં.

કર્તાભાવ નથી ત્યાં મોક્ષ માટે પણ સામે ચાલીને કોઈ મોક્ષની પણ ઈચ્છા નથી તે માટે કોઈ પ્રયત્ન પણ નથી. એવો જ્ઞાની મુક્ત જ છે.

સુવિચાર

- સમાજમાં એક એવું કબ્રસ્તાન શોધાવું જોઈએ,
  જેમાં માણસો પોતાના દૂષણો, દોષો આવીને દફનાવી શકે - **બોધિવૃક્ષ**
- આપણે બીજાને આરપાર જોવા માગીએ છીએ,
  પણ પોતાને આરપાર કોઈ જુએ તો તે પસંદ નથી કરતા - **લારોશે**
- આજ વો કાબિલ હુએ જો કભી કાબિલ નથે,
  મંઝિલે ઉનકો મિલિજો દૌડ મેં શામિલ ન થે! - **જ્ઞાનપ્રકાસ પાઠક**
- શુદ્ધતા રામનું સ્વરુપ છે, અને દંભ રાવણનું સ્વરુપ છે - **મોરારિ બાપુ**
- આ દુનિયામાં સરળતાથી છેતરી શકાય તેવી વ્યક્તિ જો કોઈ હોય તો તે આપણી જાત છે - **જનકલ્યાણ**
- જે દેસ પોતાની આઝાદી માટે ખપી ગયેલા વીરો-શહીદોને યાદ રાખી શકતો નથી
  તે દેશ વીરો-શહીદો પછી પેદા કરી શકતો નથી - **રામનારાયણ રુઈયા**
- આજનું ઔષધ : અરડુસીનાં ફુલને છાંયડામાં સૂકવીને તેનું ચૂર્ણ મધ સાથે લેવાથી રક્તપિત્તમાં રાહત થાય છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

પેટના ચાંદા - અલ્સર માટે વર્ષો સુધી એવી થિયરી હતી કે માનસિક તણાવ સ્ટ્રેસ તેમજ સિગારેટ કે દારૂના સેવનથી જઠરમાંથી વધારે એસિડ પેદા થાય જે જઠરની દિવાલ પર ચાંદુ પાડે ને એનો ઉપાય ફક્ત સર્જરી જ હોય. ઓસ્ટ્રેલિયાના બે યુવાન ડૉકટર રોબિન અને માર્શલ આ થિયરી સાથે સંમત નહોતા. એમણે અભ્યાસ કરીને તારણ મેળવ્યું કે આ એક એવા બેકટેરિયા છે કે જે અલ્સર પેલા કરે છે. તેની જાત હજી ઓળખી શકાઈ નથી. ૧૯૮૩માં ડૉ. માર્શલે આવા દર્દીઓને એન્ટિ બાયોટિક દવાઓ આપી. એ જ વર્ષના અંતમાં બેલ્જિયમની ગેસ્ટ્રોલોજીની એક વિશ્વકક્ષાની કોન્ફરંસમાં તેમણે પ્રવચનમાં સાબિત કર્યું કે દરેક પ્રકારના અલ્સરનું કારણ બેકટેરિયા જ છે. એમની આ વાતનો સિનિયર ડૉકટરોએ જબદસ્ત વિરોધ કર્યો. વર્ષોથી ચાલી આવતી થિયરીની સામે આ જુનિયર ડૉકટરોની વાત કોઈને માન્ય ન હતી. છેવટે અથાગ પ્રયત્નો પછી ૨૦૦૫માં ડૉ. માર્શલને આ નવી થિયરી માટે મેડિકલ વિષયનું નોબેલ પ્રાઈઝ મળ્યું. સાર એટલો કે જૂના વિચાર કે પ્રથાને વળગી રહેનારા લોકો નવા-તાજા વિચારને સરળતાથી સ્વીકારી શકતા નથી. આવા અવરોધ બધા જ ક્ષેત્રમાં નડતા રહે છે. બીજીબાજુ, જયાં, નવા-તાજા વિચારોને આવકારવામાં આવે છે ત્યાં પ્રગતિ થતી જોવા મળે છે. એટલે જૂનું એટલું સોનું નહીં ને નવું એટલું નકામું નહીં.

ક્યાં સુધી સરકારી બંગલાનો મોહ...

તંત્રીસ્થાનેથી...

જેમના જીવ પર સૌથી વધારે જોખમ હોય એમના માટે કેન્દ્ર સરકારે 'સ્પેશિયલ પ્રોટેકશન ગ્રુપ' - એસપીજીના જાંબાજ કમાન્ડોની સુરક્ષા ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય કરેલો. એ મુજબ રાજીવ ગાંધીની હત્યા પછી એમના પરિવારને આવી સુરક્ષા મળતી રહી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૩૦૦૦ સશસ્ત્ર જવાનોવાળી આ એસપીજીની સુરક્ષા માત્ર પોતાના માટે જ મંજૂર રાખતાં સોનિયા, રાહુલ, પ્રિયંકા ગાંધીની આ સુરક્ષા પરત ખેંચી લેવાઈ હતી અને એમને 'ઝેડ પ્લસ' સુરક્ષા અપાતી થઈ હતી. પ્રિયંકા ગાંધીને લુટિયન દિલ્હીના પોશ લોધી એસ્ટેટ ખાતે ૩૫ નંબરનો બંગલો ફાળવાયેલો હતો જે તાકીદે ખાલી કરવાની કેન્દ્ર સરકારના સંબંધિત વિભાગ તરફથી નોટિસ અપાઈ છે. સ્વાભાવિક રીતે જ કોંગ્રેસી વર્તુળોને એમાં સત્તાધારી પાર્ટીની કિન્નાખોરી દેખાઈ છે. પરંપરાએની રૂએ નવી દિલ્હીના આ પોશ વિસ્તારમાં રાજદ્વારી વર્ગ જ રહેતો આવ્યો છે. સરકારના તથા માન્ય વિપક્ષના નેતાઓને આવા બંગલા ફાળવાતા રહ્યા છે. ઉચ્ચ અધિકારીઓ, સેનાધ્યાક્ષો, ન્યાયપાલિકાના પદાધિકારીઓ વગેરેને પણ એમની કક્ષા અનુસાર આવા બંગલા જયાં સુધી તેઓ સેવારત હોય ત્યાં સુધી ફાળવાય છે. પ્રિયંકા તો લગ્ન પછી સૈનિક પાર્મ ખાતે રોબર્ટ વાડ્રા સાથે રહેવા જવા માગતાં હતાં પરંતુ એસપીજી દ્વારા જ એમને નવી દિલ્હીના સુરક્ષિત વિસ્તારમાં રહેવાની વિનંતી કરાઈ હતી. હવે જયારે તેઓને એ વિશેષ સુરક્ષાની જરૂર નહીં હોવાનું કેન્દ્ર સરકાર માને છે ત્યારે આવા બંગલામાં રહેવાની પ્રિયંકાની નિયમાનુસાર અધિકૃત યોગ્યતા પણ નથી.

પ્રિયંકા સાંસદ હોય તો પણ એમને સાઉથ એવન્યુ કે નોર્થ એવન્યુ જેવા સાંસદો માટેના એપાર્ટેમન્ટની જ ફાળવણી થઈ હોત. પાર્ટીને ફાળવાયેલ નિવાસસ્થાનો એના વિપક્ષ તરીકેના નબળા સ્તર મુજબ સ્વાભાવિક રીતે જ ખૂંચવી લેવાયાં હોય. નવા ચૂંટાયેલા સાંસદો અને પ્રધાનો માટે ફાળવવા લાયક મકાનો પર જૂના લોકો કબજો જમાવીને બેસી જાય તે ન્યાયસંગત પણ ન લેખાય. એ જુદી વાત છે કે ધારે તો કેન્દ્ર સરકાર આવા મહાનુભાવોને કોઈને કોઈ સમિતિના ચેરમેન વગેરે બનાવીને એમના બંગલા ખાલી ન કરાવે. પરંતુ નૈતિક રીતે તો આવા મહાનુભાવોએ સરકારી આવાસ છોડી દેવા જોઈએ. અટલબિહારી વાજપેયી સંસદની ચૂંટણી માધવસિંહ સિંધિયા સામે હારી ગયેલા ત્યારે એમને પાર્ટીના ચૂંટાયેલા સાંસદ ડૉ. એ. કે. પટેલને ફાળવાયેલા બંગલામાં રહેવાનું પસંદ કર્યું હતું. નાયબ વડાપ્રધાન પદે રહી ચૂકેલા દેવીલાલને બળજબરીપૂર્વક એમનો બંગલો ખાલી કરાવાયો હતો. ભૂતપૂર્વ વડાપ્રધાનો અને વિશિષ્ટ મહાનુભઆવોના વારસદારો એમનાં નિવાસસ્થાનોને સરકાર પણ દબાવ લાવી 'સ્મૃતિ'નું બેલબ લગાડી કબજો જમાવી રાખે છે. લાલ બહાદુર શાસ્ત્રી, રાજીવ ગાંધી અને ચરણસિંહ તથા જગજીવનરામનાં નિવાસસ્થાનો એમની સ્મૃતિના નામે એમના વારસદારો ભોગવી રહ્યા છે. આ એક પ્રકારની લોભવૃત્તિ છે, પરંતુ નેતાઓને એમની શરમ નથી આવતી. લાલકૃષ્ણ અડવાણી અને મુરલી મનોહર જોષી સંસદ નહીં હોવા છતાં સરકારી બંગલાઓ પર યથાવત કબજો જમાવી રાખનારા ખુદ સત્તાધારી પાર્ટીના મુરબ્બીઓ છે. પ્રિયંગાને બંગલો ખાલી કરવાની નોટિસ મળતાં જ કોંગ્રેસે એમની સામે આંગળી ચીંધી છે. સિનિયર નેતાઓને મોટા બંગલા ફાળવાતા રહે છે એ રાહે સોનિયા ગાંધી, રાહુલ ગાંધી,વગેરે વિશાળ બંગલાઓ ધરાવે છે. અન્ય પ્રાદેશિક પાર્ટીઓના નેતાઓ પણ દિલ્હીમાં અડિંગો જમાવી રાખવા આવા બંગલા છોડતા નથી. મુલાયમ સિંહ તો સાંસદ તરીકે ચૂંટાયા છે, પરંતુ લાલુપ્રસાદને અગાઉ ફાળવાયેલ બંગલામાં એમની સાંસદ પુત્રીનું નામ ચડાવી એ ખાલી કરાયો નથી. વટ પાડવા અને સરકારી સુવિધાઓ ભોગવવાની મોહવૃત્તિ લગભગ દરેક પાર્ટીના નેતાઓમાં સમાન રીતે જોવા મળે છે. પ્રિયંકાએ વેળાસર બંગલો ખાલી કરી દેવાની જરૂર હતી. એમને સામે ચાલીને સત્તાધારી પાર્ટીને અને મીડિયાને કોંગ્રેસની ટીકા કરવાનો મુદ્દો આપી દીધો છે.

કોને કહેવાય - પાપ ?

આભાર દર્શન

લેખમાળા 'અમર વારસો' ને ગુરુપૂર્ણિમાના દિવસે પાંચ વર્ષ પૂરાં થાય છે. છઠ્ઠા વર્ષમાં પ્રવેશે છે. 'ગાંધીનગર સમાચાર' ના માનનીય તંત્રી, સન્નિષ્ઠ સહકર્મીઓ અને સમભાવી વાચકો - સૌનો અંતઃકરણપૂર્વક આભાર.

- ડૉ. રશ્મિકાન્ત મહેતા

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

આષાઢી પૂનમ ગુરુપૂર્ણિમા છે. આ દિવસે ગુરુપૂજન થાય છે. આ દિવસ વ્યાસપૂજનો છે. મહામુનિ શ્રી કૃષ્ણ દ્વૈપાયન વ્યાસથી મહાન કોઈ ગુરુ ન હોઈ શકે. એ સમગ્ર માનવજાતના ગુરુ છે. એમનો ચિંતનવૈભવ અપાર છે. એમાંથી એક અંશ અહીં પ્રસ્તુત છે.

'પાપ કોને કહેવાય ?'

(ક) ત્રિવિધ પાપ -

માનસિક - (૧) બીજાનું ધન પડાવી લેવાની ઈચ્છા (૨) પર સ્ત્રીની કામના (૩) બીજાનું અનિષ્ઠ કરવાની દુર્ભાવના (૪) માત્ર પોતાનામાં જ આસક્તિ.

વાચક - (૧) બોલ્યામાંથી ફરી જવું (૨) ધરાર ખોટું બોલવું (૩) કડવી વાણી બોલવી (૪) ચાડીચૂગલી કરવી.

શારીરિક - (૧) અભક્ષ્ય ખોરાક લેવો (૨) કોઈ પણ પ્રકારની હિંસા (૩) બીજાનું ધન પડાવી લેવું (૪) ખોટાં કામો કરવાં

(ખ) આ ઉપરાંત અન્ય પાપો -

(૧૭) માતા અને પિતાની નિંદા કરવી

(૧૮) માતાપિતાને ત્રાસ આપવો

(૧૯) માતાપિતાને છોડી દેવા

(૨૦) પોતાના ગુરુની બીજા પાસે નિંદા કરવી

(૨૧) પોતાના ગુરુને ત્રાસ આપવો

(૨૨) સજ્જનોની નિંદા થતી હોય, એ સાંભળવી.

(૨૩) ભક્તજનોને ત્રાસ આપવો.

(૨૪) કથા કીર્તિન ચાલુ હોય; તેમાં વિઘ્નો ઊભા કરવા.

(૨૫) ખોટી રીતનું દાન આપવું.

(૨૬) લોભથી પ્રેરાઈને દુરાચાર કરવો.

(૨૭) નિર્દોષ માણસને હેરાન કરવો.

(૨૮) કોઈને ભય પહોંચાડીને લાભ મેળવી લેવો.

(૨૯) વટેમાર્ગુ પથિકના રસ્તામાં આગ લગાડવી.

(૩૦) દેહ વ્યાપાર કરવો.

(૩૧) દંભ અને પાખંડ આચરવાં.

(૩૨) જેને ઉપકાર કર્યો હોય, એને જ નુકશાન પહોંચાડવું.

(૩૩) પોતાના આશ્રિતોને પીડા આપવી.

(૩૪) બીજા પાસેથી લાંચ લેવી.

(૩૫) પ્રાણીઓની અને પક્ષીઓની હિંસા કરવી

(૩૬) વેપારમાં ગ્રાહક સાથે છેતરપીંડી કરવી.

(૩૭) વેપારમાં ગ્રાહક સાથે ક્રૂરતા આચરવી.

(૩૮) સાર્વજનિક સ્થાનોને નુકશાન પહોંચાડવું.

(૩૯) દેવસ્થાનકો તોડી પાડવા.

(૪૦) વાવકૂવાનાં પાણીને ભ્રષ્ટ કરવા અને તોડવા.

(૪૧) ધર્મગ્રંથો અને દેવપ્રતિમાઓનું અપમાન કરવું.

(૪૨) પિતૃઓનું યથાયોગ્ય તર્પણ ન કરવું.

ગુરુપૂર્ણિમાએ ગુરુપૂજનનો મહિમા છે. ત્યારે આ 'ગુરુઓના પણ ગુરુ' વેદવ્યાસને શ્રદ્ધા પૂર્વકનાં વંદન.

મૂર્તિદેવી પુરસ્કાર મેળવનાર પ્રથમ ગુજરાતી સાહિત્યકાર કોણ છે?

ભારતનો સાંસ્કૃતિક વારસો

૧ કિરણ દેસાઈ કઈ ભાષાના સાહિત્યકાર છે ?
(અ) ગુજરાતી (બ) હિન્દી
(ક) સંસ્કૃત (ડ) અંગ્રેજી

૨ કોલકલી કયા પ્રદેશનું લોકનૃત્ય છે?
(અ) ગોવા (બ) લક્ષદ્વિપ
(ક) દીવ (ડ) દમણ

૩ કયું નગર 'તીર્થરાજ' તરીકે ઓળખાય છે ?
(અ) પ્રયાગ (બ) અયોધ્યા
(ક) હરિદ્વાર (ડ) કેદારનાથ

૪ યામિની કૃષ્ણદેવી કયા નૃત્યના કલાકાર છે?
(અ) કથ્થકલી (બ) કુચીપુડી
(ક) ભરતનાટ્યમ્ (ડ) લાવણી

૫ વિશ્વ પ્રસિદ્ધ અરવિંદ આશ્રમમાં કયા આવેલો છે ?
(અ) કન્યાકુમારી (બ) કોલકાત્તા
(ક) પુણે (ડ) પોંડીચેરી

૬ સુપ્રસિદ્ધ શીશગંજ ગુરુદ્વારા કયાં આવેલી છે ?
(અ) અમૃતસર (બ) લુધીયાણા
(ક) દિલ્હી (ડ) ચંડિગઢ

૭ 'દુષ્યંતને પત્ર લખતી શકુંતલા' ચિત્રના સર્જક કોણ છે ?
(અ) નંદલાલ બોઝ (બ) એમ. એફ. હુસૈન
(ક) સુધીર તેલંગ (ડ) રાજા રવિ વર્મા

૮ મૂર્તિદેવી પુરસ્કાર મેળવનાર પ્રથમ ગુજરાતી સાહિત્યકાર કોણ છે?
(અ) રાજેન્દ્ર શાહ (બ) વિનોદ ભટ્ટ
(ક) મનુભાઈ પંચોળી (ડ) રાજીવ પટેલ

૯ સ્વામી હરિદાસ સંગીત સમારોહ કયાં યોજાય છે ?
(અ) હરિદ્વાર (બ) વૃંદાવન
(ક) મથુરા (ડ) અયોધ્યા

૧૦ 'થેરુકૂતુ' કયા રાજયનું લોકનૃત્ય છે ?
(અ) કર્ણાટક (બ) કેરાલા
(ક) આંધ્રપ્રદેશ (ડ) તમિલનાડુ

૧૧ સંત કબીરનો જન્મ કયાં થયો હતો ?
(અ) વારાણસી (બ) હરિદ્વાર
(ક) છપ્પૈયા (ડ) અયોધ્યા

૧૨ કર્ણાટક સંગીતના પિતામહ તરીકે કોણ ઓળખાય છે ?
(અ) હરિદાસ (બ) પન્નાલાલ ઘોષ
(ક) પુરન્દરદાસ (ડ) શિવકુમાર શર્મા

૧૩ 'લોસાંગ' ઉત્સવ કયા રાજયમાં મનાવવામાં આવે છે ?
(અ) સિક્કિમ (બ) મિઝોરમ
(ક) નાગાલેન્ડ (ડ) અરુણાચલ પ્રદેશ

૧૪ દેવધર સ્કૂલ ઓફ ઈન્ડિયન મ્યુઝિક કયાં આવેલ છે ?
(અ) નાગપુર (બ) કોલકાત્તા
(ક) ગ્વાલિયર (ડ) મુંબઈ

૧૫ વારિસ શાહ સૈયદ કઈ ભાષાના મહાકવિ હતા ?
(અ) પંજાબી (બ) ઉર્દૂ
(ક) ભોજપુરી (ડ) કોકણી

વિવિધા

ખજાનો
અનિલ પટેલ

વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ

- **૩ જુલાઈ :**
  - પ્રકૃતિવાદના પ્રણેતા જિન જેક્સ રૂસોનું નિધન (૧૭૭૮)
  - જાણીતા ક્રિકેટર હરભજનસિંહનો જન્મદિવસ (૧૯૮૦)
  - હોલીવૂડના હેન્ડસમ હન્ક ટોમ ક્રુઝનો જન્મદિવસ (૧૯૬૨)
  - વિકલિક્સના સ્થાપક જુલિયસ અસાંજેનો જન્મદિવસ (૧૯૭૧)
- **૪ જુલાઈ : અમેરિકાનો સ્વતંત્ર દિવસ**
  - ઈટાલીને સ્વતંત્રતા બક્ષનાર જિસેપ ગેરી બાલ્કીનો જન્મદિવસ (૧૮૦૭)
  - સ્વામી વિવેકાનંદની પુણ્યતિથિ (૧૯૦૨)
  - વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદીની જન્મજયંતિ (૧૮૯૯)
  - શિવકુમાર ગિરિજાશંકર જોષીની પુણ્યતિથિ (૧૯૮૮)
- **૫ જુલાઈ :**
  - સિંગાપોરના આધ્ય સ્થાપક ટોમસ સ્ટેમફર્ડનો જન્મદિવસ (૧૭૮૧)
  - આંધ્રપ્રદેશ હાઈકોર્ટની સ્થાપના (૧૯૫૪)
  - પ્રથમ કલોન ઘેટુ (ડોલી)નો જન્મ (૧૯૯૬)
  - બીબીસીએ પ્રથમ ટેલિવિઝન ન્યૂઝ બુલેટીન પ્રસારણ કર્યું (૧૯૫૪)
- **૬ જુન :**
  - ગુજરાતી પ્રયોગશીલ ગઝલ - કવિતાના સર્જક મનોજ ખંરેડિયાનો જન્મદિવસ (૧૯૪૩)
  - અંગ્રેજી ભાષાના મહાન નવલકથાકાર વિલિયમ ફોકનરનું નિધન (૧૯૬૨)
  - ધીરુભાઈ અંબાણીનો જન્મદિવસ (૧૯૩૨)
  - રામકૃષ્ણ ભાંડારકરની જન્મજયંતિ (૧૮૩૭)
- **૭ જુલાઈ :**
  - નોબલ પારિતોષિક વિજેતા અને રેડિયમના શોધક મેડમ ક્યુરીનું નિધન (૧૯૩૪)
  - મહારાણા રણજિંતસિંહનો લાહોર પર કબજો (૧૭૯૯)
  - લંડનમાં થયેલ આત્મઘાતી હુમલામાં ૫૬ના મોત અને ૭૦૦ ઘાયલ થયા (૨૦૦૫)
  - અમેરિકામાં નૌકાદળમાં મહિલાઓની પ્રથમ વખત ભરતી કરવામાં આવી (૧૯૪૮)
- **૮ જુલાઈ :**
  - બ્રિટીશ કવિ પર્સી શેલેનું નિધન (૧૮૨૨)
  - વાસ્કોડી ગામા ભારતની શોધ માટે રવાના થયો (૧૪૯૭)
  - ગ્વાલિયરના કિલ્લાના પતન બાદ લોર્ડ કનિંગે શાંતિની જાહેરાત કરી (૧૮૫૮)
  - દુનિયાની લાંબામાં લાંબી ભાંખરા નાંગલ નહેર જવાહરલાલ નહેરુના ખુલ્લી મુકાઈ (૧૯૫૪)
- **૯ જુલાઈ :**
  - ફિલ્મ નિર્માતા ગુરુદત્ત પદુકોણનો જન્મદિવસ (૧૯૨૫)
  - દમદાર અભિનેતા સ્વ. સંજીવકુમાર ઉર્ફે હરિલાલ જેઠાલાલ જરીવાલાનો જન્મદિવસ (૧૯૩૮)
  - મુંબઈમાં બોમ્બે સ્ટોક એક્ચેન્જની સ્થાપના થઈ (૧૮૭૫)
  - આઝાદ ભારતની પહેલી પંચવર્ષીય યોજના વડાપ્રધાન જવાહરલાલ નહેરુ સરકાર દ્વારા રજૂ કરાઈ (૧૯૫૧)

ગત સપ્તાહના સવાલનો જવાબ

નેપાલના વડાપ્રધાનનું નામ શું છે? જવાબ : કે.પી.શર્મા ઓલી

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૩) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૪) મહેશ એમ જાદવ : રાયસણ (૫) હેમંત પરમાર : સે-૧૪ (૬) મીત પટેલ : સે-૨૩ (૭) શિવાંગ બી પટેલ : સરગાસણ (૮) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

તાજેતરમાં ગુજરાતમાંથી કયા ચાર મહાનુભાવો રાજ્યસભાના સદસ્ય તરીકે ચૂંટાયા?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

આત્મહત્યાની દુનિયા અને દુનિયામાં આત્મહત્યા

(ગતાંકથી આગળ...)

સંશોધન કહે છે કે, બુદ્ધિની બંને ચરમસીમાઓ (ઉચ્ચબુદ્ધિ આંક અને નિમ્ન બુદ્ધિ આંક) અને આત્મહત્યા દર હકારાત્મક સહસંબંધ ધરાવે છે. એટલે કે, ઉચ્ચબુદ્ધિ આંક ધરાવનારા અને નિમ્ન બુદ્ધિઆંક ધરાવનારા બંનેમાં આત્મહત્યાનું પ્રમાણ ઉંચું છે. તો વળી વિયેના મેડિકલ યુનિવર્સિટીએ ૨૦૦૩માં પ્રસિદ્ધ એક અભ્યાસ કર્યો હતો જેમાં ૮૫ દેશોના સરેરાશ આઈક્યુ સ્કોર અને આત્મહત્યાના દરમાં સરખામણી કરવામાં આવી હતી. પરિણામે દર્શાવે છે કે ઉચ્ચ બુદ્ધિઆંક સ્તર ધરાવતા દેશોમાં આત્મહત્યાના ઊંચા દર હોય છે. આમ છતાં અન્ય રીતે જોઈએ તો કોઈ દેશનો બુદ્ધિઆંક ઊંચો કયારે હોય જયારે તે દેશના નાગરિકનો બુદ્ધિઆંક ઊંચો અને ત્યાં આત્મહત્યાનો દર ઊંચો છે એનો અર્થ એવો કરી શકાય કે, ઉચ્ચ બુદ્ધિઆંક ધરાવનાર વ્યક્તિ આપઘાત કરવાનું વિચારે છે ત્યારે તે મનોવૈજ્ઞાનિક અને તાર્કિક પણ વિચારતા હશે. ઉપરાંત આપઘાત કરવાનું તેમનું આયોજન ખૂબ જ ચૂસ્ત પડે તેવું. ટૂંકમાં વેલ પ્લાનિંગ હોય છે. જેથી તેઓ આત્મહત્યા કરવામાં વધારે સફળ થાય છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના મતે સામાજિક આર્થિક અને વર્તણૂંક પરિબળોને લીધે આત્મહત્યાના મૃત્યુદરમાં સૌથી વધુ નાટકીય વધારો ત્રીજા વિશ્વના દેશોમાં જોવા મળે છે. દુનિયામાં દર વર્ષે ૧૦ લાક લોકો આપઘાત કરે છે. જેમાંથી ૨૦ ટકા જેટલા ભારતમાં થાય છે. ભારતમાં દર ચાર મિનિટે એક વ્યક્તિ આત્મહત્યા કરે છે. જેમાં ૨૫ ટકા યુવાનો હોય છે. ભારતમાં ૧૯૯૯માં ૧,૧૦,૫૮૭ એ આત્મહત્યા કરી હતી. તો તો ૨૦૦૯માં ૧, ૮૭, ૧૫૧ લોકોએ. જેમાંથી ૬૮.૭ ટકાની ઉંમર ૧૫ થી ૪૪ વર્ષ હતી. કૌટુંબિક સમસ્યાઓને કારણે ૨૩.૭ ટકા, બિમારીને કારણે ૨૧ ટકા જે યાદીમાં ટોચ પર છે. પ્રેમના કાર્યોમાં ૨.૯ ટકા અને દહેજ વિવાદ, ડ્રગ્સનો દુરુપયોગ અને ગરીબી ૨.૩ ટકા છે. કૌટુંબિક સમસ્યાઓ સરેરાશ ૮૪ આત્મહત્યા કરવા માટે જવાબદાર છે. ભારતમાં દરરોજ આત્મહત્યાના બનતા બનાવમાં ૨૨૩ પુરુષો હોય છે અને ૧૨૫ જેટલી સ્ત્રીઓ હોય છે.

૧૨૫ સ્ત્રીઓમાંથી ૬૯ જેટલી ગૃહિણી હોય છે. બીમારીને કારણે દરરોજ ૭૩ લોકો અને પ્રેમને કારણે ૧૦ લોકો આત્મહત્યા કરે છે.

રંગ-ઉમંગ
કાનન ઓઝા

હવે જોઈ દુનિયામાં અને ભારતમાં મહાન - નામાંક્તિ વ્યક્તિઓની યાદી કે જેમને આપઘાત કરીને પોતાનું જીવન ટૂંકાવ્યું હતું. જેથી તમને ખ્યાલ આવશે કે, આપઘાત અંગે આવતા વિચારોની ચરમસીમા કેટલી તો તીવ્ર હશે કે જેથી આવી મહાન, બુદ્ધિશાળી વ્યક્તિ પણ તેમાંથી છટકી શકતી નથી. દરેક ક્ષેત્રમાં જેમને વૈજ્ઞાનક, રાજકીય, સંગીત, ચિત્ર, સાહિત્યકાર, ફિલ્મ, રમતગમત, શિક્ષકો, ડૉકટરો, પોલીસ વગેરેમાં નામાંકિત લોકોએ આપઘાત કરેલ છે. ડેવિડ ક્રિસ્ટોફર કેલી યુનાઈટેડ કિંગડમ જે જૈવિક યુદ્ધના નિષ્ણાંત અને ઈરાકમાં ભૂતપૂર્વ યુનાઈટેડ નેશન્સ હથિયારોના નિરીક્ષક હતા.એફ.એમ. રેડિયોના શોધક એડવિન આર્મસ્ટ્રોંગ અમેરિકન ઈલેકટ્રિકલ એન્જિનિયર હતા. મીઠામાંથી સોડા બનાવવાની શોધ કરનાર ફ્રેન્ચ રસાયણશાસ્ત્રી નિકોલસ બેબ્લેન્ક - ન્યૂયોર્કમાં જન્મેલા જયોર્જ ઈસ્ટમેન, ઈસ્ટમેન કોડક કંપનીના સ્થાપના કરી અને રોલ ફીલ્ડની શોધ કરી. જેન મુખ્ય પ્રવાહમાં ફોટોગ્રાફી લાવવા માટે મદદ કરી અને ૧૮૮૮માં મોશન પિકચર ફિલ્મની શોધ માટે બીજ વાવ્યું. નાયલોન શોધક વોલેસ હ્યુમ કેરોથ્સ અમેરિકન રસાયણશાસ્ત્રી એલન ટ્યુરિંગ વૈજ્ઞાનિક, ગણિતશાસ્ત્રી, તર્કશાસ્ત્રી ૨૦મી સદીના સૌથી મહાન બ્રિટીશ વૈજ્ઞાનિક હતા.

વિશ્વયુદ્ધ માટે ખાસ જાણીતું નામ નાઝીઓની રચના કરનાર, યહુદીઓને અને અન્ય અનેક લોકોના નરસંહાર કરનારા હિટલરે પણ આત્મહત્યા કરી હતી. સાહિત્ય માટે ત્રણ વખત નોબેલ પ્રાઈઝ નોમિની, યૂકીઓ મિશિમા - અમેરિકન ફિલ્મની મહાન અભિનેત્રી મેરેલિન મોનરોએ ૩૬ વર્ષની વયે આત્મહત્યા કરી હતી. મહાન હાસ્ય કલાકાર અને ઓસ્કાર વિજેતા અભિનેતા લોસ એન્જલસ - અમેરિકાના રોબિન વિલિયમ્સ - સ્પાઈડરમેન ૩ ની પ્રખ્યાત અભિનેત્રી ૨૮ વર્ષીય લ્યુસી ગોર્ડન - રોક એન્ડ આઈએનકએસના સ્થાપક, મુખ્ય ગાયક અને ગીતકાર, ઓસ્ટ્રેલિયન માઈકલ ૧૯૯૭ સિડનીની એક હોટલમાં - ભારતની વાત કરીએ તો ઘણા પાત્રો છે. જેમાંનાં કેટલાક નામ જયલક્ષ્મી, દિવ્યાભારતી, કુલજીત રંધાવા, નફીસા જોસેફ (ભૂતપૂર્વ મીસ ઈન્ડિયા), ડીમ્પલ કાપડિયાની નાની બહેન રીમ કાપડિયા. ઉપરાંત મહાન અભિનેતા ગુરુદત્ત - કે સુરેશ રાવ. ડી એસ પી તેલંગના - હિમાંશુ રોય, એડિશનલ જનરલ ઓફ પોલીસ મહારાષ્ટ્ર - અમેરિકન ફૂટલો ટીમ ખેલાડી જોવાન બેલ્ચર ૨૫ વર્ષની વયે આત્મહત્યા કરી હતી.